# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૧૪/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી, જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ફિકકીની નેશનલ એકઝીકયુટીવ કમિટીની મિટીંગમાં એમએસએમઇ તેમજ અન્ય ઉદ્યોગો માટે લીકવીડિટી, બેંક ઇન્ટરેસ્ટ, ટ્રાન્સપોર્ટેશન તેમજ કોમર્સ એન્ડ એક્ષપોર્ટ વિશેના પ્રશ્નોના નિરાકરણ માટે મહત્વની ચર્ચા વિચારણા થઇ

સુરત. ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (ફિકકી)ની આજરોજ સવારે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી નેશનલ એકઝીકયુટીવ કમિટીની મિટીંગ મળી હતી. જેમાં ભારત સરકારના રોડ, ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ તેમજ માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝિસના મંત્રીશ્રી નિતિન ગડકરી, રેલ્વેઝ એન્ડ કોમર્સ મંત્રીશ્રી પિયુષ ગોયલ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ચેરમેન શ્રી રજનીશ કુમાર અને ફિકકીના પ્રમુખ ડો. સંગિતા રેડ્ડી મુખ્ય વકતા તરીકે હાજર રહયા હતા. આ મિટીંગમાં ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇ અને ભુતપુર્વ પ્રમુખ શ્રી રજનીકાંત મારફતિયા પણ જોડાયા હતા.

શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, કોરોના અને લોકડાઉનને કારણે તમામ ઉદ્યોગોને લીકવીડિટી તેમજ બેંકોની લોન અને તેના ઇન્ટરેસ્ટનો જે પ્રશ્ન ઉપસ્થિત થયો છે તેના નિરાકરણ માટે સરકાર તરફથી રાહત પેકેજ જાહેર કરવામાં આવે તે અંગે મહત્વની ચર્ચા કરવામાં આવી હતી. બેંકો દ્વારા ટર્મ લોન ઉપર ઇ.એમ.આઇ. માટે ત્રણ મહિનાનું જે મોરેટોરિયમ જાહેર કર્યુ છે તેને હાલના સંજોગોને જોઇને છ મહિના સુધી કરવામાં આવે તે વિશે ચર્ચા થઇ હતી. હાઇવેના કામોમાં વધારેમાં વધારે લેબરને કઇ રીતે જોડી શકાય તેમજ ડોમેસ્ટીક ટ્રાન્સપોર્ટેશન માટે રેલવેનો વધુમાં વધુ ઉપયોગ કરવામાં આવે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. તદુપરાંત કોમર્સ એન્ડ એક્ષપોર્ટ સંબંધિત વિવિધ પ્રશ્નોની પણ વિગતવાર ચર્ચા વિચારણા થઇ હતી.

આ મિટીંગમાં એમએસએમઇ તેમજ અન્ય ઉદ્યોગોને તકલીફ નહીં થાય તે માટે સરકાર સપોર્ટ કરશે તેવી ખાતરી આપવામાં આવી હતી. કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી સંબંધિત કામોમાં સરકાર તરફથી સહકાર મળશે તેમજ એક્ષપોર્ટ અને ડોમેસ્ટીક ટ્રાન્સપોર્ટેશનના કામ અટકશે નહીં તેવી ખાતરી શ્રી પિયુષ ગોયલ દ્વારા આપવામાં આવી હતી. કોરોના સામેની લડાઇમાં સપોર્ટ કરવા માટે સરકાર તરફથી વેપાર અને ઉદ્યોગનો આભાર માનવામાં આવ્યો હતો.